ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬

**હાઇવેને અડીને આવેલું હોવા છતાં આ ગામનું હજુ સુધી શહેરીકરણ થયું નથી, ગામમાં હજુ પણ હરિયાળી આંબાવાડીઓ, ચીકુવાડીઓ અને ડાંગરનાં ખેતરો જોવા મળે છે**


**સાક્ષરતાનો દર ૮૩%થી વધુ, મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન પર નિર્ભર, જ્યારે યુવાનો નજીકની ગુંદલાવ અને ડુંગરી GIDCની કંપનીઓમાં નોકરી કરી ગુજરાન ચલાવે છે**

ટાઉન ટોક

# રોલા

## પ્રાકૃતિક સૌંદર્ય અને ગ્રામીણ સંસ્કૃતિનો સંગમ ધરાવતું વલસાડ તાલુકાનું ગામ

દક્ષિણ ગુજરાતના છેવાડાના જિલ્લા વલસાડમાંથી પસાર થતા હાઈવે નં.48 પર વલસાડ તાલુકાનું ગામ એટલે રોલા. જે પ્રાકૃતિક સૌંદર્ય અને ગ્રામીણ સંસ્કૃતિનો સંગમ છે. આ ગામ સામાજિક સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ છે. ગામના તમામ લોકોમાં એક પરિવારની ભાવનાથી રહે છે. તમામ તહેવારો ગામના લોકો એક થઈને ઉજવી રહ્યા છે. રોલા ગામ ભલે હાઈવેને અડીને આવેલું છે, પરંતુ ગામનું હજુ સુધી શહેરીકરણ થયું નથી. ગામમાં હજુ પણ આંબાવાડી, ચીકુવાડી તેમજ ડાંગરનાં ખેતરો જોવા મળે છે. ગામના અનેક લોકો આજે પણ ખેતી અને પશુપાલન પર નભે છે. આ સાથે યુવાનો વલસાડ ગુંદલાવ જીઆઈડીસી, ડુંગરી વિસ્તારની કંપનીઓમાં નોકરી કરી ગુજરાન ચલાવી રહ્યા છે. 600 પરિવાર ધરાવતા આ ગામની વેરાની આવક મર્યાદિત છે. અહીં એકમાત્ર કંપની ધમધમે છે, પરંતુ હાઈવેની ઘણી હોટલો ગામમાં આવતી હોય તેની આવક થકી ગામના વિકાસનાં નાનાં-મોટાં કામો થઈ રહે છે. રોલા ગામમાં પાકા રોડ રસ્તા છે, પરંતુ હજુ સુધી ગટર વ્યવસ્થાની જરૂર ન હોવાથી તે બની નથી. ગામમાં મુખ્યત્વે આદિવાસી સમાજ (હળપતિ, ધોડિયા પટેલ વગેરે), પાટીદાર સમાજ અને અન્ય પછાત વર્ગના લોકો પરસ્પર ભાઈચારાથી રહે છે. રોલા ગામમાં સાક્ષરતાનો દર ૮૩%થી વધુ છે, જે રાજ્યની સરેરાશ કરતાં ઊંચો છે. ગામમાં સ્ત્રી શિક્ષણ પ્રત્યે પણ વિશેષ જાગૃતિ જોવા મળે છે. ગામમાં પ્રાથમિક શિક્ષણ માટેની સ્કૂલ છે, પરંતુ ઉચ્ચ શિક્ષણ માટેની સ્કૂલ નથી. જેના માટે તેઓ નજીકના શહેર વલસાડ પર આધાર રાખે છે. જ્યાં અભ્યાસ કરીને અહીંના યુવાનો ડોક્ટર અને એન્જિનિયર પણ બન્યા છે અને પીએચ.ડી. સુધીનો ઉચ્ચ અભ્યાસ પણ કર્યો છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર સામાજિક સમરસતા અને પરિવારવાદની ભાવનાથી જોડાયેલા રોલા ગામને એક સંપૂર્ણ ગામ કહી શકાય એમ છે....









## ઉત્કૃષ્ટ જળ વ્યવસ્થાપન: 'વાસ્મો' થકી ઘરે-ઘરે નળ અને ચેકડેમ-તળાવ થકી સિંચાઈનું મજબૂત માળખું

જળ સંસાધન અને પાણી વ્યવસ્થાપન ક્ષેત્રે રોલા ગામે સરાહનીય આયોજન થકી પીવાના પાણી અને સિંચાઈની વ્યવસ્થાને સુદ્રઢ બનાવી છે. ગામમાં સ્થાનિક જળ સ્ત્રોતોના યોગ્ય ઉપયોગ અને સંચયથી પાણીની સમસ્યાને અસરકારક રીતે પહોંચી વળવામાં આવી રહ્યું છે. જળ સંચય અને સુવ્યવસ્થિત વિતરણ વ્યવસ્થાના પગલે રોલા ગામ પાણી વ્યવસ્થાપન ક્ષેત્રે અન્ય ગામો માટે પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે.

***પીવાના પાણીનું વિતરણ:** 'વાસ્મો' (WASMO) યોજના અંતર્ગત ઓવરહેડ પાણીની ટાંકી અને ઘરે-ઘરે પાઈપલાઈન દ્વારા નળ કનેક્શન થકી ગ્રામજનોને નિયમિત શુદ્ધ પેયજળ પૂરું પાડવામાં આવે છે.

***સિંચાઈ અને જળ સ્ત્રોત:** ખેતી અને વાડીઓ માટે સ્થાનિક તળાવ, ભૂગર્ભ જળ, બોરવેલ તેમજ કૂવાઓ દ્વારા ખેડૂતોને પર્યાપ્ત સિંચાઈની સુવિધા મળી રહે છે.

***જળ સંચયની કામગીરી:** ચોમાસાના વરસાદી પાણીનો વ્યય અટકાવી ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા માટે ચેકડેમ અને ખેત તલાવડીઓનું સુવ્યવસ્થિત નિર્માણ કરવામાં આવ્યું છે.


## ગામનું તળાવ રમણીય પ્રવાસન સ્થળ બની શકે તેવી ક્ષમતા: પ્રાથમિક વિકાસ બાદ વધુ બ્યુટિફિકેશનની પ્રબળ શક્યતા

રોલા ગામમાં આવેલું કુદરતી તળાવ ગામની શોભા વધારી રહ્યું છે અને વિકાસની ઝાંખી કરાવી રહ્યું છે. તળાવના કિનારે થયેલા પ્રાથમિક વિકાસ કાર્યથી વિસ્તારનું રૂપ બદલાયું છે, પરંતુ હજુપણ અહીં વિશાળ અવકાશ હોવાથી યોગ્ય આયોજન સાથે આ તળાવ એક આકર્ષક પ્રવાસન અને પિકનિક સ્થળ તરીકે ઉભરી શકે છે. હાલ તળાવના કિનારે આંશિક ડેવલપમેન્ટ થવાથી ગ્રામજનો માટે હળવાશની પળો વિતાવવા યોગ્ય વાતાવરણ ઊભું થયું છે. અહીં વિકાસની અનેક શક્યતાઓ છે, જેમાં વોકિંગ ટ્રેક, બેઠક વ્યવસ્થા, ગાર્ડનિંગ, લાઈટિંગ અને બોટિંગ જેવી સુવિધાઓ ઉમેરવામાં આવે તો આ વિસ્તાર ઉત્તમ પર્યટન કેન્દ્ર બની શકે છે. જેના સુંદર ડેવલપમેન્ટ થવાથી આસપાસના લોકો માટે ફરવાલાયક સ્થળ મળશે અને ગામની ઓળખને પણ નવું પરિમાણ મળશે. જો તંત્ર અને ગ્રામ પંચાયત દ્વારા તળાવના વધુ બ્યુટિફિકેશન માટે સઘન પ્રોજેક્ટ હાથ ધરાય, તો રોલાનું તળાવ સમગ્ર પંથકમાં આકર્ષણનું કેન્દ્ર બની શકે તેમ છે.

## કોઈપણ તહેવાર હોય, ગામના લોકો સાથે મળીને ઉજવે છે

વલસાડના રોલા ગામની ખાસિયત એ છે કે, કોઈપણ તહેવાર સાથે મળીને ઉજવે છે. દિવાળીમાં સાથે મળીને ચોક પર ભેગા થઈને ફટાકડા ફોડે અને તેની ઉજવણી કરે છે. દિવાળીમાં રોલા ગામના અગ્રણી ચિંતન પટેલ તેમજ તેની ટીમ દ્વારા આખા ગામમાં મીઠાઈની વહેંચણી થાય છે. હોળીમાં આખા ગામમાં મટકી બાંધવામાં આવે છે, પરંતુ તમામ મટકી ગામના તમામ યુવાનો ભેગા મળીને જ ફોડે છે. કોઈપણ તહેવારમાં તારું મારું નથી રહેતું. જેના કારણે ગામમાં એક પરિવારની ભાવના જન્મી છે.





## ગામના યુવાનો માટે વિનામૂલ્યે રમી શકાય તેવું આધુનિક બોક્સ ક્રિકેટ ટર્ફ

રોલા ગામમાં રમતગમત ક્ષેત્રે યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા અને ગામના યુવાનોને ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી રોલા ગામમાં ખાસ બોક્સ ક્રિકેટ ટર્ફનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ટર્ફની સૌથી મોટી વિશેષતા એ છે કે, ગામના યુવાનો અહીં કોઈપણ પ્રકારના શુલ્ક વગર તદ્દન વિનામૂલ્યે ક્રિકેટ રમી શકશે. શહેરો જેવી સુવિધા ધરાવતું આ ટર્ફ યુવાનોમાં ફિટનેસ અને સ્પોર્ટ્સ પ્રત્યે ઉત્સાહ વધારી રહ્યું છે. સામાન્ય રીતે બોક્સ ક્રિકેટ ટર્ફ મોંઘાં હોય છે, ત્યારે ગામમાં નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ થતાં યુવા વર્ગમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પહેલથી ગામના યુવાનોમાં ટીમ સ્પિરિટ અને ખેલદિલીની ભાવના વધુ મજબૂત બનશે. ગામના યુવાનોને રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળતી અને રમતગમતને પ્રોત્સાહિત કરતી આ ઉત્તમ સુવિધા સમગ્ર પંથકમાં પ્રશંસા પામી રહી છે.

## રાજકીય અને સામાજિક આગેવાન ચિંતન પટેલ



રોલા ગામના અગ્રણી રાજકીય અને સામાજિક આગેવાન ચિંતન પટેલ વિસ્તારનાં વિકાસ કાર્યોમાં સતત સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા ચિંતન પટેલ હાલ વલસાડ તાલુકા પંચાયતના સભ્ય તરીકે લોકપ્રતિનિધિત્વ કરી રહ્યા છે. અગાઉ રોલા ગામના ડેપ્યુટી સરપંચ તરીકે પંચાયત સ્તરે સફળ સેવાઓ આપ્યા બાદ, તેઓ વલસાડ તાલુકા પંચાયતમાં ચુંટાઈ આવી તાલુકા સ્તરે ગામના પ્રશ્નોને વાચા આપી રહ્યા છે. રાજકીય પદ ઉપરાંત તેઓ 'રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ'ના પ્રણેતા અને મુખ્ય કર્તાહર્તા છે, જેના માધ્યમથી ગામમાં રક્તદાન શિબિરો, પૂર રાહત સહાય, રમતગમત અને સામાજિક એકતાને લગતી સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચલાવવામાં આવે છે. પંચાયતથી લઈને તાલુકા કક્ષા સુધીના તેમના વહીવટી અનુભવ અને સેવાભાવી અભિગમને કારણે ચિંતન પટેલ સ્થાનિક સ્તરે ગ્રામજનોમાં લોકપ્રિય નેતૃત્વ તરીકે ઉભરી આવ્યા છે.